ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

દહેગામમાં ૨૪મીએ પ્રધાનમંત્રી મોદીની વિશાળ જનસભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાને વડાપ્રધાન બીજા તબક્કામાં ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે આવરી લેશે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના દહેગામ ખાતે તેમની જાહેરસભાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે અને તેને લઈ તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે વડાપ્રધાન મોદી ૨૪મીએ પહેલા ગાંધીનગરથી પાલનપુર જશે આ પછી તેઓ બપોરે દહેગામ ખાતે વિશાળ જનસભાને સંબોધશે. દહેગામની જનસભામાં તેઓ ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોના ભાજપના ઉમેદવારોનો પ્રચાર કરશે. આ સભામાં પાંચેય બેઠકોના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

મોદી દહેગામથી માતર જશે અને ત્યાર બાદ અમદાવાદ ખાતે યોજોયલ રેલીમાં જોડાશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ૩૦ નવેમ્બર અને ૩ ડિસેમ્બર દરમ્યાન ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વડાપ્રધાન ૧૫ રેલીને સંબોધિત કરી શકે છે.

અગાઉ ૧૨મી માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ શો યોજાયો હતો. તે સમયે દહેગામવાસીઓએ ભવ્ય રીતે તેઓને આવકાર્યા હતા અને રસ્તાઓ પર ભારે ભીડ તે દિવસે જોવા મળી હતી. આમ મોદી આ જ વર્ષમાં બીજીવાર દહેગામ ખાતે આવી રહ્યા હોવાથી સમગ્ર પંથકમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાની પાંચ બેઠકો પર આઠ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી

કલોલ અને ગાંધીનગર (ઉ)માંથી ૩-૩ તેમજ માણસા અને ગાંધીનગર (દ)માંથી એક-એક ઉમેદવારી પાછી ખેંચાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પરથી આજ સુધીમાં ૮ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. હજુ સોમવાર એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે અને બપોર પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

આજ સુધીમાં ૮ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી છે જેમાં બે આમ આદમી પાર્ટીના ડમી ઉમેદવાર ઉપરાંત નેશનલ પાવર પાર્ટી, બહુજન સમાજપાર્ટી, જનતાવાદી કોંગ્રેસ પાર્ટી તેમજ ૩ અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે.

ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો પ્રારંભ ગઈકાલથી જ થઈ ગયો હતો. ગાંધીનગર (ઉ) બેઠક પર નેશનલ પાવર પાર્ટીના ઉમેદવારે ગઈકાલે સાંજે જ ઉમેદવારી પાછી ખેંચી હતી આ પછી આજે આમ આદમી પાર્ટીના ડમી ઉમેદવાર રીનાબેન રાવલ અને પ્રવિણભાઈ દંતાણીએ આજે ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

ગાંધીનગર (ઉ) બેઠક પરથી આમ આદમી પાર્ટીના ડમી ઉમેદવાર અલ્પેશ સોલંકીએ ઓજ ઉમેદવારી પાછી ખેંચી છે. માણસા બેઠક પર અપક્ષ ઉમેદવાર જગદીશભાઈ આર. પટેલે ઉમેદવારી પાછી ખેંચી છે.

કલોલ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર મંથનકુમાર ઠાકોર અને શૈલેષભાઈ રાઠોડ તેમજ જનતાવાદી કોંગ્રેસ પાર્ટીના કાદરી મોહમંદ અનવરહુસેન સાબીરે ઉમેદવારી પાછી ખેંચી છે.

ગઈકાલે ઉમેદવારીપત્રની ચકાસણમીને અંતે ૭૪ ઉમેદવારો મેદાનમાં હતા આજે તે ઘટીને ૬૬ ઉમેદવારો મેદાનમાં છે. જો કે સોમવારે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ દિવસે અપક્ષ ઉમેદવારોને તેમના ચિહ્નો મુક્ત પ્રતીકોમાંથી ફાળવવામાં આવશે.

શહેરમાં ધીમે ધીમે જામી રહેલી ઠંડી : પારો ૧૩.૨

છેલ્લા ૪૮ કલાકમાં પારો ચાર ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ગઈકાલે રાત્રે ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ગગડીને ૧૩.૨ ડિ.સે. સુધી પહોંચતા ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ઠંડા પવને વસાહતીઓને શિયાળાના આગમનનો અહેસાસ કરાવ્યો હતો.

નવેમ્બર માસના બીજા પખવાડિયામાં ધીમે ધીમે ઠંડીનું જોર વધી રહ્યુ છે. શિયાળો જામતો જાય છે. દિવસ દરમ્યાનનો આકરો તડકો હવે કોમળ થઈ રહ્યો છે. તડકો હવે સારો લાગવા માંડ્યો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ગીરાવટ આવી રહી છે. છેલ્લા ૪૮ કલાકમાં જ લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી જેટલુ ગગડતા વસાહતીઓ હવે ગરમ વસ્ત્રોને કબાટમાંથી બહાર કાઢવા મજબુર બન્યા છે.

ગત તા. ૧૬મી નવેમ્બરે મહત્તમ તાપમાન ૩૩.૪ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિ.સે. નોંધાયુ હતુ જ્યારે ત્રણ દિવસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનનો પારો ગગડતા મહત્તમ તાપમાન ૩૧.૪ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. પહોંચતા વસાહતીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો. બહાર નીકળતા ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. આમ તા.૧૬મીએ ૧૬.૨ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું જે તા.૧૯મીએ ૧૩.૨ ડીગ્રીએ આવી જતાં નગરજનો ઠંડીનો સામનો કરી રહયા છે.

નિરિક્ષકોએ સ્ટ્રોંગરૂમ તથા સંવેદનશીલ (ખર્ચ)ના પોકેટ્સની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૯

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલા ઓર્બ્ઝર્વર્સ એક્શન મોડમાં આવી ગયા છે અને તેમણે મુલાકાતોનો દોર આરંભી દીધો છે.

આજે તમામ ઓર્બ્ઝર્વર્સે ગાંધીનગર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે મતગણતરી કેન્દ્ર તેમજ સ્ટ્રોંગરૂમ જે ઉભા કરવામાં આવ્યા છે તેની મુલાકાત જિલ્લા કલેક્ટર વ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારીને સાથે રાખી લીધી હતી.

તેમણે ભીડ નિયંત્રણ માટે પોલીસે બનાવેલ પ્લાનની પણ સમીક્ષા કરી હતી એટલુ જ નહિ સ્ટ્રોંગરૂમ માટેની પણ જાણકારી મેળવી હતી. તેમણે રિસીવીંગ અને ડિસ્પેચીંગ વિશેની પણ વિગતો મેળવી કરાયેલી તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પછી કલોલ અને ગાંધીનગર (ઉ) વિધાનસભા જે ખર્ચ માટે સંવેદનશીલ મતવિસ્તાર જાહેર કરાયા છે તેના સંવેદનશીલ પોકેટ્સ્ તેમજ તંત્ર દ્વારા સ્ટેટીક સર્વેલન્સ માટે ઉભા કરાયેલ પોઈંટ્સની મુલાકાત લીધી હતી. તેમણે ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા થઈ રહેલી કામગીરી અંગે પણ સમીક્ષા કરી હતી.

સ્ટેટીક સર્વેલન્સ માટે ટીમો વધારવા તેમજ ટીમોની કામગીરી અંગે પણ સમીક્ષા કરી અને કેટલાક સૂચનો પણ કર્યા હતા. મળતી વિગતો પ્રમાણે સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા ૧૨ હજારથી વધુ વાહનોની ચકાસણી કરવામાં આવી છે. જિલ્લામાં બીજા તબક્કામાં મતદાન યોજાવાનું છે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્ટેટીક સર્વેલન્સ માટે ૪૦થી વધુ ટીમો પણ કાર્યરત કરી દેવામાં આવી છે. ફ્લાઈંગ સ્કવોડની કામગીરી પણ સઘન કરી દેવામાં આવી છે. જિલ્લામાં સિંગલ વિન્ડો સિસ્ટમથી ચૂંટણીની વિવિધ મંજૂરીઓ આપવામાં આવી રહી છે. વિડીયો વ્યુઈંગ ટીમની પણ કામગીરી વધવા પામી છે.

સે. ૧૩ અને ૮ની મહિલા કોરોનામાં સપડાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે બે કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા સપ્તાહથી કોઈ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં પાંચ દિવસ બાદ કોરોનાના કેસોએ દેખા દીધી છે. શહેરમાં આજે નોંધાયેલા બન્ને કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ બન્ને દર્દી મહિલા છે. સે. ૧૩માં ૩૫ વર્ષીય મહિલા અને સે. ૮માં ૬૦ વર્ષીય મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ મળી રહ્યા છે તેથી હોસ્પિટલાઈઝેશન રેટ ઘટ્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવા તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા માટે સૂચનાઓ આપી છે.

લોક જાગૃત્તિ અને લોકોની ભાગીદારી વધે તે માટે

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૩ને પગલે મનપા દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

જાન્યુઆરીમાં આવી રહેલા સ્વચ્છતા સર્વેક્ષણ અંગેની તૈયારીઓ ગાંધીનગર મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે. સ્વચ્છતા સર્વેક્ષણની તૈયારીઓના ભાગરૂપે સ્વચ્છતામાં લોક જાગૃત્તિ અને લોકોની ભાગીદારી વધે તે માટે મનપા દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન ડિસેમ્બર માસમાં કરવામાં આવનાર છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે આ જાગૃત્તિ અભિયાન અંતર્ગત જીંગલ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન વિચારવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલ સફાઈની એક માત્ર સેવા સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. સ્વચ્છતા સર્વેક્ષણ દ્વારા ''ક્લીનેસ્ટ કેપિટલ ઓફ સ્ટેટ''નો એવોર્ડ ગાંધીનગરને મળ્યા બાદ તંત્રએ આ વખતે સ્વચ્છતામાં ઉચ્ચ રેન્ક પ્રાપ્ત કરવા માટે કમર કસી છે. તંત્રએ અત્યારથી જ આંતરિક માર્ગોની સફાઈ તેમજ જાહેર માર્ગોની સફાઈની કામગીરી સઘન બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં આ અભિયાન સઘન બનાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા યોજાનાર સ્પર્ધાઓમાં વિજેતાઓને પણ એક સમારોહ યોજી પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવાનું આયોજન છે. તંત્ર દ્વારા હાલ આ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૩ ને લઈ ''સ્વચ્છ ગાંધીનગર''ની થીમ પર રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર સ્વચ્છતા અંગે યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અંગે ૨૮મી નવેમ્બર સુધી ઓનલાઈન એન્ટ્રીઓ સ્વીકારવામાં આવશે.

ઈમ્પેક્ટ ફીના કાયદા મામલે સ્પષ્ટતા અનિવાર્ય : એન્જીનિયર્સ એસોસિએશન

નગરમાં ૯૦ ચો.મી.ના પ્લોટમાં સાઇડ બાલ્કની અંગે ૦.૪૫મીટર ગ્રાહ્ય રાખવા સહીત સેક્ટરના પ્લોટમાં ૫૦ ટકા પાર્કીંગનું આયોજન કરવા પણ સ્પષ્ટતા જરૂરી

ગાંધીનગર તા ૧૯

ગેરકાયદે બાંધકામને નિયમિત કરવા સરકારે ફરીવાર ઈમ્પેક્ટ ફીના અમલ ની વાત કરી છે . જો કે ગાંધીનગરના રહીશો ને આ યોજનાનો લાભ મળતો નથી સરકારે રાહતદરના કે હરાજીના પ્લોટમાં ગેરકાયદે બાંધકામને મંજુરી મુદ્દે સ્પષ્ટતા કરી નથી. ત્યારે પાટનગર માટે સરકાર પાસે વિવિધ મુદ્દે સ્પષ્ટતા સહીત અરજી સ્વીકારવાની સમય મર્યદા વધારવા પણ માંગ પણ પ્રબળ બની છે

ગાંધીનગરના દરેક રહીશોને અનુલક્ષી એન્જીનિયર્સ એન્ડ આર્કિટેક્ટ એસોસીએશન દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરીને સ્પષ્ટીકરણની માંગ સાથે સુજાવ રજુ કરાયા છે . આ રજુઆતમાં આમ નાગરિકોને મુજવણમાં મુકી દેનારા મહત્વના મુદાઓને આવરી લેવામાં આવ્યાં છે. જેમાં ૯૦ ચોરસ મીટરના પ્લોટમાં રોડ સાઈડ પર ૦.૪૫ મીટરની બાલ્કનીનું બાંધકામ કર્યું હોય તેનો ઈમ્પેક્ટ ફીના કાયદામાં સમાવેશ કરવો જોઈ. સેક્ટરના પ્લોટમાં ૫૦ ટકા પાર્કિંગનું આયોજન ક્યાં અને કેવી રીતે કરવું તેની સ્પષ્ટતા અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે રાહત દરે ફાળવાયેલા પ્લોટમાં બેથી વધારે યુનિટ બાંધવામાં આવ્યા હોય તો તેને પણ સ્વીકૃતિ મળે તે અનિવાર્ય હોવાનો સુર પણ પ્રબળ બન્યો છે

પ્લોટની ફાળવણી હરાજી કરીને કરવામાં આવી હોય અથવા તો રાહતદરથી પ્લોટ ફાળવવામાં આવ્યો તેવા કિસ્સામાં યુનિટના બાંધકામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય કે ન કરવામાં આવ્યો હોય તો આવા કિસ્સામાં ઈમ્પેક્ટ ફી સ્વીકારીને મંજુરી આપવામાં આવશે કે નહીં તેની પણ કાયદામાં સ્પષ્ટતાના અભાવે મામલો જટીલ બન્યો છે ગાંધીનગર માં જમીનની માલિકી મહેસૂલ વિભાગની નથી. માત્ર ગાંધીનગરમાં જ તમામ જમીનની માલિકી રાજ્યના માર્ગ અને મકાન વિભાગની છે જયારે તમામ હેતુના તમામ પ્લોટ હરાજી કરીને અથવા તો રાહતદરથી ફાળવવામાં આવેલા હોવાથી નગર માટે પ્લાનિંગ મહત્વનું પરિબળ છે

શિયાળાની જામી રહેલી ઠંડીમાં સ્વાદેન્દ્રિયો એકદમ સતેજ બની જાય છે. વળી આ ઋતુમાં જ શાકભાજી અને ફળોમાં ખુબ વેરાયટી મળતી હોવાથી રસોઈમાં ખુબ વિવિધતા જોવા મળે છે. અવનવા લીલા શાક સાથે જો ગરમાગમ બાજરી અને મકાઈના રોટલાની સંગત જામે પછી તો કહેવુ જ શુ ? શિયાળો જામી રહ્યો ત્યારે બાજરી-મકાઈના રોટલા ઘેર ઘેર બનવા માંડ્યા છે. ગરમા ગરમ રોટલા સાથે ઘી ની સોડમ દૂર દૂર સુધી પ્રસરી રહી છે.

ગુડા દ્વારા અડાલજમાં

સ્ટ્રીટ લાઈટની જાળવણીના કામ માટે કોન્ટ્રાક્ટ અપાશે

ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે

ગાંધીનગર તા ૧૯

ગુડા દ્વારા અડાલજમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ હવે ખાનગી એજન્સી ને સોંપવા નિર્ણય લેવાયો છે સ્ટ્રીટ લાઈટ ના મામલે વારંવાર ફરિયાદો પણ ઉઠતી હોય છે જેને ઝડપથી નિવારવા અડાલજ વિસ્તારમાં હવે સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે કોન્ટ્રાક્ટ આપી દેવાશે ગાંધીનગરમાં પણ આ મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જે જોઈએ તેવી અસરકારક પુરવાર થઈ નથી

સ્ટ્રીટ લાઈટની જાળવણી કરવાનું અને સંભાળ રાખવાનું કામ કેન્દ્ર અને રાજ્ય અથવા બોર્ડ અને કોર્પોરેશન કક્ષાએ સતાવાર નોંધાયેલા ઈજારાદારોને જ સોંપવામાં આવશે આ માટે ખર્ચનો અંદાજ ૧૦.૪૬ લાખનો મુકવામાં આવ્યો છે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અડાલજમાં આ પ્રકારે ખાનગી પેઢીને કામ સોંપવામાં આવ્યા બાદ અસરકારક સેવાઓ રહેશે તો આગામી દિવસોમાં ગુડા હેઠળના અન્ય વિસ્તારોમાં પણ આ વ્યવસ્થા આગળ વધારવામાં આવશે . આ મામલે કરાર કરવામાં આવ્યા બાદ ભરાય જવાય નહીં તેની તકેદારી પણ રાખવામાં આવશે અને તેના માટે કોન્ટ્રાક્ટ રાખનાર પેઢી પાસેથી ડિપોઝીટની રકમ પણ લેવામાં આવશે. જો એજન્સી દ્વારા સંતોષકારક કામગીરી કરવામાં ન આવે અને તેની સામે જ ફરિયાદો મળવાનું શરૂ થશે તો તેવા સંજોગોમાં ડિપોઝીટની રકમ જપ્ત કરવા સુધીના પગલા લેવાશે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા છેલ્લે બજેટ બેઠક દરમિયાન વિવિધ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના ૧ હજાર નવા પોલ નાખવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આ સુવિધા માટે અગાઉ જે કામો કરવામાં આવ્યા છે. ત્યાં યોગ્ય જાળવણીના અભાવમાં ફરિયાદો મળવાની શરૂ થઈ ગઈ છે. જેના અંતે નવી યોજના વિચારણા હેઠળ છે.

સરગાસણ સહિતના ટી પી વિસ્તારમાં

પ્રેશર ટેક્નિકથી ૨૪ કલાક પાણી આપવા આયોજન

૧૧ કરોડના ખર્ચે નવી લાઈન નાખવાનું કામ હાથ ધરાશે ચાર્જીસની રકમ દરેક ઘરેથી ઉઘરાવીને સોસાયટીએ ગુડામાં જમા કરાવી પડશે

ગાંધીનગર તા ૧૯

ગુડા દ્વારા સરગાસણ સહિતના ટીપી વિસ્તારમાં નર્મદાના પાણી ૨૪ કલાક સપ્લાય કરવાનું આયોજન કરાયું છે આ યોજના અન્વયે દરેક ઘરે પુરા દબાણથી પાણી પહોંચાડવા માટે કોઈ મોટી સંગ્રહ ક્ષમતાની ઉંચી ટાંકી બાંધશે નહીં. તેના સ્થાને નવી ટેકનોલોજીના ઉપયોગ સાથે ૩૬ લાખ લીટરની ક્ષમતાનો અન્ડર ગ્રાઉન્ડ સંમ્પ બનાવી પ્રેસર ટેકનિકથી પાણીનો સપ્લાય આપવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે

ગુડાના તંત્રમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર પ્રેસર ટેકનિક એટલી કારગર રહેશે કે આગામી દિવસોમાં આસપાસના અન્ય ટીપી વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે અલગ વ્યવસ્થા ગોઠવવી નહીં પડે માત્ર પાઈપ લાઈન નેટવર્ક ઉભુ કરીને મેઈન લાઈનમાં જોડાણ આપવાથી નવા વિસ્તારોમાં પણ પુરા દબાણથી પાણી પહોંચાડવામાં કોઈ સમસ્યા સર્જાશે નહીં. યોજના સંબંધમાં નિયત કરાયેલા વિસ્તારમાં ૨૪ કિલોમીટર કુલ લંબાઈનું પાઈપ લાઈન નેટવર્ક ઉભુ કરવાનું થશે. અંદાજિત રુ ૧૧કરોડનો ખર્ચ કરાશે જયારે કામ પુર્ણ થયા બાદ ગુડા દ્વારા મેઈન લાઈનમાંથી જે તે સોસાયટીને પાણીના મીટર સાથે જોડાણ અપાશે સોસાયટીએ દરેક ઘરને જોડાણ આપવાનું રહેશે. ઉપરાંત પાણીના ચાર્જીસની રકમ દરેક ઘરેથી ઉઘરાવીને સોસાયટી એ ગુડામાં જમા કરાવી પડશે પરિણામે ગુડાએ દરેક ઘરે પાણીના બિલ મોકલવાના રહેશે નહીં. વોટર ઈન્ફ્રાસ્ટક્ચર બોર્ડ શુદ્ધ કરેલું પાણી તંત્રને સપ્લાય કરે છે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા ખરીદવામાં આવે છે. નવી યોજના માટે જે પાણી મેળવવાનું થશે તે ભાઈજીપુરા પાસેથી પસાર થતી નર્મદાના પાણીની મેઈન લાઈનમાંથી સીધુ જ નવા સમ્પમાં ઠલવાય તે મુજબની વ્યવસ્થા ગોઠવાશે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com